
# VertexPlus Technologies

## આઈટી સેક્ટરમાં ઝડપી ગ્રોથમાં મદદરૂપ બનતી કંપની



વર્ટેક્સપ્લસ ટેક્નોલોજીઝ લિમિટેડ (Vertexplus Technologies Limited) yu ISO 9001:2015 અને ISO/IEC 27001:2013 પ્રમાણિત ઈન્ફર્મેશન ટેકનોલોજી કંપની છે. કંપની કન્સલ્ટિંગ, આઉટસોર્સિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ સોલ્યુશન્સ અને સર્વિસીઝ પ્રોવાઈડ કરે છે. અનેક વર્ષોમાં કંપનીએ વિવિધ ઉદ્યોગો અને ક્ષેત્રોમાં અનુભવ મેળવ્યો છે. વર્ટેક્સપ્લસ વિવિધ સેક્ટરની કંપનીઓની સતત વિકસતી આઈટી જરૂરિયાતોને પૂર્ણ કરવા અને તેમની વર્તમાન ક્ષમતાઓને મજબૂત કરવા અને સાતત્યપૂર્ણ ગ્રોથ માટે તેના સક્ષમ સોલ્યૂશન્સ (ઉકેલ) સાથે તેમના બિઝનેસને ટેકો આપવા માટે તેમની સાથે સહયોગ કરે છે. વર્ટેક્સપ્લસ પાંચ ડિલિવરી મોડેલ્સ દ્વારા જટિલ એન્ટરપ્રાઇઝ પ્રોજેક્ટ્સની સફળતાને નિર્ધારિત કરવા માટે સૌથી ઓછા ખર્ચમાં શ્રેષ્ઠ ગુણવત્તા અને સમયસર ડિલિવરી સુનિશ્ચિત કરે છે. આ પાંચ ડિલિવરી મોડેલ્સ આ પ્રમાણે છેઃ ઓફશોર મોડેલ, ઓનસાઈટ મોડેલ, હાઈબ્રિડ મોડેલ, ગ્લોબલ મોડેલ, સ્ટ્રેટજિક પાર્ટનરશિપ.



વર્ટેક્સપ્લસ ટેક્નોલોજીઝ લિમિટેડ SME IPO સાથે મૂડીબજારમાં પ્રવેશ કરી રહી છે. તે રૂ.૧૦ની ફેસ વેલ્યૂના ૧૪,૭૯,૬૦૦ ઈક્વિટી શેર ઈશ્યૂ કરશે. પ્રાઈસ બેન્ડ રૂ. ૯૧-૯૬ પ્રતિ શેર છે. તે આ IPO દ્વારા રૂ.૧૪.૨૦ કરોડ મેળવશે. ઈશ્યૂ ૦૨ માર્ચ, ૨૦૨૩ના રોજ ખુલશે અને ૦૬ માર્ચ, ૨૦૨૩ના રોજ બંધ થશે. લઘુત્તમ અરજી ૧૨૦૦ શેર માટે અને ત્યાર બાદ તેના ગુણાંકમાં કરવાની રહેશે. શેર એલોટમેન્ટ પછી, શેરનું NSE SME પર લિસ્ટિંગ થશે. બીલાઈન કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ ઈશ્યૂના એકમાત્ર લીડ મેનેજર છે અને સ્કાયલાઈન ફાઈનાન્શિયલ સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ ઈશ્યૂના રજિસ્ટ્રાર છે.

### ઈશ્યૂનો હેતુ

૧. વર્કિંગ કેપિટલની જરૂરિયાત પૂરી કરવી
૨. જનરલ કોર્પોરેટ હેતુ
૩. ઈશ્યૂનો ખર્ચ

### Corporate Feature


વર્ટેક્સપ્લસ વિવિધ ગ્રાહકોની આવશ્યકતાઓને પૂર્ણ કરવા માટે સકારાત્મક બિઝનેસ સ્ટ્રેટજી સાથે સર્જનાત્મકતા અને જ્ઞાનને એકસાથે લાવવાનો પ્રયાસ કરે છે જે વ્યાપક અને ખર્ચ અસરકારક હોય છે, જેથી ક્લાયન્ટ તેમના વ્યવસાયોને સુધારવા અથવા વિસ્તૃત કરવા માટે તેમની મુખ્ય ક્ષમતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે. . VertexPlus એ અસંખ્ય ઉદ્યોગો માટે કામ કર્યું છે, તેમની સાચી સંભવિતતા અને માપને વૈશ્વિક માન્યતા પ્રાપ્ત કરી છે.

કંપની એક ઈન્ટિગ્રેટેડ, ઈન્ટેલિજન્ટ, ટેક્નોલોજી સ્ટેક દ્વારા એન્ટરપ્રાઈઝને સામાન્યથી આગળ વિચારવાની શક્તિ આપે છે જે પ્રક્રિયાઓને સ્વચાલિત કરે છે અને કામગીરીને વેગ આપે છે. નાના પ્રોગ્રામિંગ અસાઈનમેન્ટ્સથી લઈને, એક સઘન જટિલ પ્રોજેક્ટ અથવા વિશિષ્ટ ઉકેલ સુધી, તે ગતિશીલ, ઈન્ટિગ્રેટેડ એપ્લિકેશન્સ અને સિસ્ટમ્સ વિકસાવવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે જે બિઝનેસને સફળ કરવા, વધારવા-વિસ્તારવા, વર્તમાન માટે નક્કી કરેલા પગલાં સાથે વિસ્તૃત કરવા અને આગળની કલ્પના કરવા સક્ષમ બનાવે છે.

નાણાકીય મોરચે કંપની તેની આવક અને નફો વધારી રહી છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ પૂરા થયેલા સમયગાળા માટે, કંપનીની કુલ કોન્સોલિડેટેડ આવક અને નેટ પ્રોફિટ અનુક્રમે રૂ. ૧૦૯૧.૭૧ લાખ અને રૂ. અનુક્રમે ૯૧.૨૬ લાખ રહ્યા હતા. ૩૧ માર્ચ, ૨૦૨૨ ના રોજ પૂરા થયેલા વર્ષ માટે કંપનીની કુલ આવક અને નેટ પ્રોફિટ અનુક્રમે રૂ. ૨૧૩૨.૦૪ લાખ અને રૂ. ૧૮૬.૦૫ લાખ હતા. ૩૧ માર્ચ, ૨૦૨૧ ના રોજ પૂરા થયેલા વર્ષ માટે કંપનીની કુલ આવક અને નેટ પ્રોફિટ અનુક્રમે રૂ. ૨૦૨૫.૬૧ લાખ અને રૂ. ૧૦૪.૯૮ લાખ હતા. કંપનીની કુલ આવક અને નેટ પ્રોફિટ ૩૧ માર્ચ, ૨૦૨૦ના રોજ પૂરા થયેલા વર્ષ માટે અનુક્રમે રૂ.૧૯૭૮.૩૩ લાખ અને રૂ. ૬૧.૨૩ લાખ હતા.

વર્ટેક્સપ્લસનું ધ્યેય આવકમાં વધારો કરવા માટે ગ્રાહકો સાથે લાંબા ગાળાના ટકાઉ બિઝનેસ રિલેશન બનાવવાનો છે. તે વર્તમાન ગ્રાહકોને પ્રદાન કરવામાં આવતી વર્તમાન સેવાઓના અવકાશ અને શ્રેણીને વિસ્તરણ કરવાનું ચાલુ રાખવાની યોજના ધરાવે છે. બજાર કૌશલ્યો અને સંબંધોનો લાભ મેળવવો એ સંસ્થામાં સતત ચાલતી પ્રક્રિયા છે અને તે તેના માનવ સંસાધનોમાં જે કુશળતા આપે છે તે ગ્રાહકોને શ્રેષ્ઠતા આપે છે. કંપની માર્કેટિંગ કૌશલ્યો અને સંબંધોનો લાભ લઈને અને ગ્રાહક આધારને વધુ વધારીને આ કરવાનું લક્ષ્ય રાખે છે.

★★★




**વર્ટેક્સપ્લસ ટેક્નોલોજીઝ લિમિટેડ કન્સલ્ટિંગ, આઉટસોર્સિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ સોલ્યુશન્સ અને સર્વિસીઝ પ્રોવાઈડ કરે છે**

### Vertexplus Technologies IPO Details

| | |
|---|---|
| Issue Opens | March 02, 2023 |
| Issue Closes | March 06, 2023 |
| Issue Size | 14,79,600 Equity Shares |
| Price Band | Rs 91 to 96/-Per Equity Share |
| Face value | Rs 10.00/-Per Equity Share |
| QIB Quota | 7,02,000 Equity shares |
| (including Anchor Reservation) | |
| HNI Quota | 2,11,200 Equity shares |
| Retail Quota | 4,92,000 Equity Shares |
| Market Maker Quota | 74,400 Equity Shares |
| Lead Manager | Beeline Capital Advisors Pvt. Ltd. |
| Registrar | Skyline Financial Services |

### STRENGTHS

- ગ્લોબલ ડિલિવરી નેટવર્ક
- પ્રમોટરના અનુભવનો લાભ
- વર્તમાન ક્લાયન્ટ્સ સાથે મજબૂત રિલેશનશિપ
- ડાઈવર્સિફાઈડ ક્લાયન્ટ બેઝ અને આવક સ્રોત
- કર્મચારીઓની કાર્યક્ષમતા અને જ્ઞાનમાં વધારો




### Vertexplus Technologies Limited Financial Information (Restated Consolidated) Amount in Rs. Lakhs

| Period Ended | Total Assets | Total Revenue | Profit After Tax | NetWorth | Reserve and Suplus | Total Borrowing |
|---|---|---|---|---|---|---|
| 31-Mar-20 | 989.7 | 1,963.92 | 61.23 | 380.37 | 379.37 | 209.55 |
| 31-Mar-21 | 1,103.71 | 2,025.61 | 104.98 | 487.15 | 486.15 | 227.4 |
| 31-Mar-22 | 1,308.76 | 2,132.04 | 186.05 | 673.11 | 273.11 | 279.15 |

### Promoters of Vertexplus Technologies



**Mr. Sandeep K. Pahariya :** સંદીપ કે. પહરીયા, વર્ટેક્સપ્લસના ફાઉન્ડર ડિરેક્ટર છે જેઓ ૨૪ વર્ષથી વધુનો IT ઈન્ડસ્ટ્રીનો અનુભવ ધરાવે છે. તેઓ સ્ટ્રેટજિક પ્લાનિંગ, ટીમ મેન્ટરિંગ અને બિઝનેસ એડમિનિસ્ટ્રેશન સહિત ગ્લોબલ ઓપરેશન્સનું નેતૃત્વ કરે છે. બિઝનેસ વિસ્તરણ, આયોજન અને ટેક્નોલોજીમાં ઈનોવેશનમાં તેમની નિપુણતા કંપનીના લક્ષ્ય અને ગ્રાહકોના બિઝનેસ લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. તેમણે C-DAC, IIQM અને બહુવિધ ટેક્નોલોજી ડોમેન્સમાં અસાધારણ જ્ઞાન ધરાવતી અન્ય સંસ્થાઓમાંથી ઘણા પ્રોફેશનલ સર્ટિફિકેટ્સ સાથે ઈન્ટરનેશનલ બિઝનેસ મેનેજમેન્ટમાં માસ્ટર ડિગ્રી ધરાવે છે. બિઝનેસ શરૂ કરતા પહેલાં તેમણે કેટલીક અગ્રણી IT કંપનીઓમાં કામ કરીને આઈટી સેક્ટરમાં મહત્વનું યોગદાન આપ્યું છે.



**Mrs. Niru Pahariya :** શ્રીમતી નીરુ પહરિયા : શ્રીમતી નીરુ પહરિયા કંપનીના હોલ-ટાઈમ ડિરેક્ટર છે. તેઓ કોમર્સમાં સ્નાતકની ડિગ્રી અને નેચરોપેથી અને યોગમાં ડિપ્લોમા ધરાવે છે. તેમની ૨૦૧૦ માં બોર્ડમાં ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી હતી, અને વધુ ૫ વર્ષના સમયગાળા માટે સપ્ટેમ્બર ૨૦૨૨ માં કંપનીના હોલ-ટાઈમ ડિરેક્ટર તરીકે નિયુક્તિ કરવામાં આવી હતી. તેઓ એડમિનિસ્ટ્રેશન અને હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટનો ૧૨ વર્ષનો અનુભવ ધરાવે છે.

**વર્ટેક્સપ્લસ પાંચ ડિલિવરી મોડેલ્સ દ્વારા જટિલ એન્ટરપ્રાઇઝ પ્રોજેક્ટ્સની સફળતાને નિર્ધારિત કરવા માટે સૌથી ઓછા ખર્ચમાં શ્રેષ્ઠ ગુણવત્તા અને સમયસર ડિલિવરી સુનિશ્ચિત કરે છે. આ પાંચ ડિલિવરી મોડેલ્સ આ પ્રમાણે છેઃ ઓફશોર મોડેલ, ઓનસાઈટ મોડેલ, હાઈબ્રિડ મોડેલ, ગ્લોબલ મોડેલ, સ્ટ્રેટજિક પાર્ટનરશિપ**